# ગાંધીનગર શહેર-જિલ્લામાં જાહેરનામા ભંગની ફરીયાદો

ગાંધીનગર, તા.૧

**● વાવોલ જલદર્શન એપાર્ટમેન્ટના ચાર શખ્સો સામે જાહરનામા ભંગની ફરીયાદ**

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ સ્થિત જલદર્શન એપાર્ટમેન્ટ ખાતે રહેતા ચાર વસાહતીઓ સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. કોરોનાના કહેર વચ્ચે તંત્ર દ્વારા ભારતભરમાં લોકડાઉન કરવામાં આવ્યું છે.ત્યારે લોકડાઉનનું કડક રીતે અમલીકરણ થાય તે માટે એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે સમયે સાંજના સમયે વાવોલ સુર્યા સિનેમા પાસે જલદર્શન એપાર્ટમેન્ટના ગેટ પાસે ટોળુ જોવા મળ્યું હતું. જેથી પોલીસે એકઠા થયેલા ચાર શખ્સોને પકડી પાડ્યા હતા.તેમનુ નામ પુછતા જલદર્શન એપાર્ટમેન્ટ ખાતે રહેતા જતીનભાઈ નાનજીભાઈ ભટ્ટી(ઉં.૩૮), જયંતિભાઈ મહાદેવભાઈ પટેલ (ઉં.૫૫), વિનોદકુમાર રામભાઈ સથવારા (ઉં.૪૩), તેમજ પરેશકુમાર રામભાઈ સથવારા (ઉં.૪૨), હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ચાર શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**● રાંદેસણ દુકાનનું અડધુ શટર બંધ કરી ઝેરોક્ષનુ કામ કરતા શખ્સ સામે ફરીયાદ**

લોકડાઉનમાં ગાંધીનગર શહેર નજીક રાંદેસણ ગામની સીમમાં શાહપુરથી ગીફટસીટી તરફ જતા માર્ગ પર ઈન્ફોસીટી પોલીસ પેટ્રોલીંગમાં નીકળી હતી. શ્રીરંગ મોલ ખાતે શોપ નં-૩૦ નું અડધુ શટર ખુલ્લુ હતું. જેથી પોલીસે રાજ એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં જઈને ચેક કરતા એક શખ્સ મળી આવ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા તે રાંદેસણની આંગન રેસીડન્સી રહેતા મહેશ ત્રિકમભાઈ ચૌધરી હોવાનું સામે આવ્યું હતું. દુકાન ખુલ્લી રાખવા અંગે પુછતા ઝેરોક્ષ કાઢવાનું કામ કરતો હોવાનું કહ્યું હતું. જેથી ઈન્ફોસીટી પોલીસે તેની સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**● ઉવારસદ અને સુઘડ ખાતે થી જાહેરનામા ભંગ બદલ ચાર સામે ગુનો નોંધાયો**

કોરોનાના કહેર વચ્ચે દેશભરમાં લોકડાઉન વચ્ચે જાહેરનામા ભંગ કરતા શખ્સોને પકડી પાડવા માટે પોલીસ હરકતમાં આવી ગઈ છે. અડાલજ પોલીસે ઉવારસદ અને સુઘડ ખાતેથી બે-બે શખ્સોને પકડી પાડ્યા છે.અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.એ.ચૌધરીના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમા હતી. તે દરમિયાન ઉવારસદ ખાંટવાસમાં રહેતા નાગણેશ્વરી મંદિર સામે ખોડીયાર કિરાણા સ્ટોર નામનો ગલ્લો ખુલ્લો હતો.જેમાં તમાકુનું વેચાણ થતુ હોવાથી અડાલજ પોલીસે સામાન જપ્ત કરીને ગોંવિદજી બાબુજી ઠાકોર(ઉં.૪૧) સામે ગુનો નોંધ્યો હતો. તો બીજીતરફ પોલીસે સુઘડ અગોરા મોલની સામેના ભાગે ગઈ ત્યારે આટા-ફેરા મારતો યુવક મળી આવ્યો હતો. જેથી પોલીસો તેનો બહાર નીકળવાનું કારણ પુછતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે લોકડાઉન વચ્ચે બહાર નીકળેલા દિલિપ મનુભાઈ દરજી (વણઝારા વાસ સુઘડ) સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**● સેક્ટર-૨૦ ખાતે એકઠા થયેલા યુવાનો સામે જાહેરનામા ભંગની ફરીયાદ**

કોરોના એ વૈશ્વિક સ્તરે હાહાકાર મચાવ્યો છે. કોરોના ભારત અને ગુજરાતમાં પણ ધીમી ગતિએ પગ પેસારો કરી દીધો છે. ત્યારે પ્રધાનમંત્રી દ્વારા ૨૧ દિવસનું ભારતભરમાં લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ સિવાય અન્ય વેપાર-રોજગાર બંધ છે. ત્યારે સોસાયટીમાં ટોળે વળીને બેસી રહેતા નાગરીકોને શોધવા માટે ડ્રોનની મદદ લેવામાં આવી છે. ડ્રોન દ્વારા પોલીસ ટીમ સર્વેલન્સની કામગીરી કરી રહી છે. ત્યારે સેકટર-૨૦માંથી ચાર અને અડાલજ પાસેથી ૩ શખ્સો સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

લોકડાઉનની કડક અમલવારી વચ્ચે જિલ્લા પોલીસ તંત્ર દ્વારા રાત દિવસ કામગીરી કરી રહી છે. કોરોના ને કાબુમાં કરવા માટે તંત્ર અને પોલીસ દ્વારા કરવામાં આવી રહેલી મહેનત પર કેટલાક શખ્સો કામ વિના બહાર નીકળીને પાણી ફેરવી રહ્યા છે. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે ડ્રોન કેમેરાની મદદથી આવા તત્વોને પકડી પાડવા માટે ઝુંબેશ હાથ ધરાઈ છે. ગાંધીનગર એલસીબી ટીમ-૨ દ્વારા સેકટર-૨૦ ખાતે ડ્રોન કેમેરાથી સર્વેલન્સ કરાયુ હતુ.જેમાં સે-૨૦ જુની કોલેજ પાસે ટોળુ એકઠુ થયુ હતું. જેથી પોલીસે ચાર ઈસમોને પકડી પાડ્યા હતા. જેમાં બોરીજના ખાંટવાસમાં રહેતા મહેન્દ્ર તાલજી ઠાકોર, વિજય મફાભાઈ ભોજૈયા, સંજય નારણભાઈ દેવીપૂજક, નરસિંહ સગનાજી ભીલ નો સમાવેશ થાય છે. આ ચારેય ઈસમો પાસે સે-૨૧ પોલીસ મથકે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર એસઓજી દ્વારા અડાલજ પંથકમાં ડ્રોન કેમેરાથી સર્વેલન્સ કરાયુ હતું. જેમાં અડાલજ નંદઘર આંગણવાડી કેન્દ્ર પાસે ત્રણ શખ્સો દેખાતા એસઓજી એ પકડી પાડ્યા હતા. જેમાં જીતેન્દ્ર ચંદ્રકાંત મહાજન(વડવાડી ચાલી), અમન અમરસિંહ સાગર (ત્રાગડગામ દસક્રોઈ), અજય રામસહાય યાદવ(ચાંદખેડા)નો સમાવેશ થાય છે. એસઓજી પોલીસે ત્રણ શખ્સો સામે અડાલજ પોલીસ મથકે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર-પાલિકાના નાયબ મ્યુનિ. કમિશ્નર પ્રિતેશભાઈ દવેના પિતાનું હૃદયરોગના હુમલાને લઈ દુઃખદ અવસાન થયું છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ૩ કેસ નોંધાયા હોવાથી જિલ્લા આરોગ્યતંત્રએ તેની કામગીરી સઘન બનાવી છે. હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ પણ સઘન કરવામાં આવ્યુ છે.
- લોકડાઉનના પગલે ગાંધીનગર શહેર સૂમસામ ભાસી રહ્યુ છે. પ્રદૂષણની માત્રામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે.
- ગાંધીનગર જિલ્લામાં એ.પી.એલ., બી.પી.એલ., પરિવારો માટે આજથી વ્યાજબી ભાવની દુકાનોએથી અનાજની કીટનું વિતરણ શરૂ કરાયુ છે પણ દહેગામ અને અન્ય બે-ત્રણ સ્થાનોએ સોશ્યલ ડીસ્ટન્ટ નહિ જળવાતુ હોવાની ફરિયાદો ઉઠી હતી.
- ગાંધીનગર શહેરમાં રામાયણ અને મહાભારતની પુનઃ પ્રસારિત થઈ રહેલી સિરીયલોએ આજે પણ એટલી જ લોકચાહના ધરાવી રહી છે.

## વાત-વાતમાં.....

- રાજ્યમાં કોરોના વાયરસનો ચેપ ફરજ દરમ્યાન લાગવાની શક્યતા ધરાવતા આરોગ્ય વિભાગના કર્મચારીઓ તથા પોલીસ કર્મચારીઓને વાયરસના ચેપ અંગે હયાતી બાદની સહાય આપવાની જાહેરાત કરવામાં આવી હતી. આ અંતર્ગત રાજ્યના મહેસુલી કર્મચારીઓએ પણ લોકડાઉનને સફળ બનાવવા કાર્યરત રહેવા મુક્તિપાસ, ફુડપેકેટ વિતરણ તથા આવશ્યક પુરવઠા વિતરણ કાર્યમાં જોતરાયેલા હોવાથી ચેપ લાગવાનો ખતરો રહેતો હોવાનું જણાવી તેમના માટે પણ સહાય જાહેર કરવા માંગ કરી છે.



કોરોના આફતનો સામનો કરવામાં સહભાગી થવા આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, ૨૫ લાખની સહાયનો ચેક મુખ્યમંત્રી રાહત ફંડમાં અર્પણ.



સસ્તા અનાજની દુકાનોએ અનાજનું વિતરણ કરવામાં આવી રહ્યું છે પરંતુ હજુ ઘણા જરૂરીયાતમંદોને અનાજ ન મળતુ હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. અનાજ ન મળતા કાર્ડધારકો કલેક્ટર કચેરીએ દોડી ગયા હતા અને પૂરતા પ્રમાણમાં અનાજ આપવાની માંગ કરી હતી.

## કોઈપણ પ્રકારની ઓર્થોપેડિક ઈમરજન્સી માટે કુડાસણની વાછાણી હોસ્પિટલ ૨૪ કલાક કાર્યરત

નોવેલ કોરોના વાયરસ સંક્રમણની કટોકટીના સમયમાં લાગુ કરવામાં આવેલા દેશવ્યાપી લોકડાઉનને કારણે સમગ્ર જનજીવન જાણે થંભી ગયુ છે. આ સ્થિતિમાં તમામ નોકરી-ધંધા-વ્યવસાય ઠપ્પ થઈને પડ્યાં છે, એટલે સુધી કે શહેરમાં મોટાભાગના તબીબોના દવાખાના પણ બંધ છે. આમ તો લોકડાઉનને કારણે વાહન વ્યવહાર પણ થંભી ગયો હોવાથી થતાં માર્ગ અકસ્માતો પણ નહીવત થઈ ગયાં છે પરંતુ આ પરિસ્થિતિમાં કદાચ કોઈ માર્ગ અકસ્માત કે ઘરમાં અન્ય આકસ્મિક ઘટનામાં જો હાડકાની ઈજા પામે તો તેની તાત્કાલિક સારવાર માટે કુડાસણ ખાતેના રાધે સિગ્નેચર કોમ્પ્લેક્ષ સ્થિત વાછાણી હોસ્પિટલ ખાતે ઓર્થોપેડિક ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ રહેશે ડૉ. વિવેક વાછાણીએ જણાવ્યુ હતુ. એક્સિડેન્ટ ટ્રોમા ફેસિલીટી પણ ઉપલબ્ધ છે હાડકાં સંબંધિત કોઈપણ પ્રકારની ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલનો મો. ૭૬૨૧૦ ૧૨૭૮૫ પર સંપર્ક સાધી શકાશે.



શ્રી આસુદેવ મહાદેવ મંદિર, જામળા, તા. કલોલ દ્વારા ગરીબ દર્દીઓની સેવા અર્થે એક લાખ રૂપિયાનું દાન મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવ્યુ છે. એમ સંસ્થાના પ્રમુખ પ્રહલાદભાઈ પટેલે જણાવ્યુ છે.

## ૧૨૦૦ બેડની કોરોના માટેની જ અલાયદી હોસ્પિટલની સુવિધાઓ વિશે સંતોષ વ્યક્ત કરતાં મુખ્યમંત્રી

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે અમદાવાદમાં સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં યુધ્ધના ધોરણે ઉભી કરાયેલી કોરોના માટેની અલાયદી હોસ્પિટલની જનસંવાદ કેન્દ્રના માધ્યમથી જાત માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીએ આજે નવી સિવિલ હોસ્પિટલ ખાતે કોરોનાની સારવાર-સુશ્રૂષા માટે ઉભી કરાયેલ સુવિધાઓની જાણકારી મેળવવા માટે જનસંવાદ કેન્દ્ર માધ્યમથી સીધા સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ ડો. જી.એચ. રાઠોડ સાથે સંવાદ સાધી હોસ્પિટલમાં ઉભી કરવામાં આવેલી સુવિધાઓ-સગવડોની જાણકારી મેળવી મેળવી હતી.

સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. જી.એચ. રાઠોડે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ઉભી કરાયેલ ૧૨૦૦ બેડની હોસ્પિટલની તલસ્પર્શી વિગતો મુખ્યમંત્રીને જણાવી હતી.

તેમણે હોસ્પિટલ ખાતે ઉભી કરાયેલ આઈ.સી.યુ., વેન્ટીલેટર, એક્સ -રે મશીન, ડાયાલિસિસ, દર્દીઓને રહેવા તથા જમવાની સુવિધાઓ અંગેની જાણકારી મેળવી હતી.

## જિલ્લામાં રોકાયેલ પરપ્રાંતિય યાત્રિકો/કામદારો માટે આશ્રય કેમ્પમાં NDRF દ્વારા ૨૫૦ કીટનું વિતરણ

નોવેલ કોરોના વાયરસના કારણે સમગ્ર દેશમાં ૨૧ દિવસનો લોકડાઉન છે ત્યારે કોઇ પણ વ્યકિત એક સ્થળેથી બીજા સ્થળે ન જાય તે માટે ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્યના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારુ વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં બાંધકામ સ્થળો સહિતના નાના મોટા કારખાના- ફેકટરીઓ લોકડાઉનના કારણે બંધ છે. તેમજ ગાંધીનગરની વિવિધ કંપનીઓમાં પણ પરપ્રાંતિયા લોકો કામ કરી રહ્યા હતા. આ તમામને પોતાના વતન જવું ન પડે અને તેઓ એક સ્થળે આરામથી રોકાણ કરી શકે તેવા સંવેદનશીલ અભિગમ સાથે જિલ્લામાં વિવિધ ત્રણ સ્થળોએ આશ્રય છાવણીની વ્યવસ્થા કરવામાં આવી છે. આ આશ્રિતોને રોકાણ છાવણીમાં બે ટાઈમ ભોજન સાથે સફાઈ અને મેડીકલ ચેક અપ તથા ટ્રીટમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કલેકટરશ્રીની સૂચના મુજબ કડી સર્વ વિધાલય કેમ્પમાં રોકાયેલા લોકોને NDRF તરફથી જીવન જરૂરિયાતની ચિજ વસ્તુઓની ૨૫૦ કીટનું વિતરણ કર્યું હતું. NDRFના ડીસી શ્રી રણવિજયસિંધે જણાવ્યું કે, જિલ્લા કલેકટરશ્રી ગાંધીનગરની સુચનાથી આ કીટનું



વિતરણ કરવામાં આવ્યું છે, જેમાં પુરૂષ કીટમાં ટોવેલ, કુર્તા, પાયઝામાં, શર્ટપેન્ટ ટૂથ પેસ્ટ બ્રસ, કોલગેટ, અંડરવીયર, નીલકટર, બકેટ, એરઓઈલ, કાંસકો, ન્હાવા-ધોવાનો સાબુ, જયારે મહિલા કીટમાં ટોવેલ, કુર્તા, પાયઝામાં, શર્ટપેન્ટ ટૂથ પેસ્ટ બ્રસ, કોલગેટ, સેનીટરી પેડ, નેઈલકટર, બકેટ, એરઓઈલ, કાંસકો, ન્હાવા-ધોવાનો સાબુ સહિત વસ્તુઓનો સમાવેશ થાય છે.

જિલ્લા કલેકટરશ્રી, કુલદીપ આર્યએ આ આશ્રય છાવણીની મુલાકાત લઈને લોકોના ખબર અંતર પુછયા હતા તથા તેમને કોઈ પણ તકલીફ ન પડે તે માટેની વ્યવસ્થા માટેના સૂચનો અધિકારીઓને કર્યા હતા.

જિલ્લા કલેકટરશ્રી, કુલદીપ આર્યએ લોકોને સમજાવતાં જણાવ્યું હતુ કે, તેઓ જયાં છે ત્યાં જ રહે જયાં છે ત્યાં જ સુરક્ષિત અને સલામત છે. તેઓને વતનમાં નહી જવા તથા બહાર નહી નિકળવા અપિલ કરી હતી.

કલેકટરશ્રીએ ત્યારબાદ ઉપસ્થિત મેડિકલ ટીમ સાથે ચર્ચા કરી હતી અને તમામ લોકોના સ્વાસ્થ્યની વિગતો મેળવી હતી. કડી કેમ્પસના આ કેમ્પમાં આશ્રય માટે રોકાયેલા યાત્રિકોમાં રાજસ્થાનના ૮૬, ઉત્તરપ્રદેશના ૬૩, મધ્યપ્રદેશના ૨૭ તેમજ ગુજરાત અને અન્ય પ્રાંતના ૨૪ યાત્રિકોનો સમાવેશ થાય છે.

આ કેમ્પના લાભાર્થીશ્રીઓએ જણાવ્યું કે, અમારા માટે ગુજરાત સરકાર અને જિલ્લા વહીવટી તંત્રએ કોરોનાની મહામારીમાં અમારી કાળજી લઈને ખુબ સારી સુવિધા પુરી પાડી છે.

### અંત્યોદય-પી.એચ.એચ પરિવારોને વિનામૂલ્યે અનાજ વિતરણનો રાજ્યમાં પ્રારંભ

## ૬૬ લાખ પરિવારોને ઘઉં-ચોખા-ખાંડ-મીઠું અને દાળ સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી મળશે

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના વાયરસના સંક્રમણ સામે સતર્કતા રૂપે દેશભરમાં જાહેર થયેલા ૨૧ દિવસના લોકડાઉનની સ્થિતીમાં રાજયના અંત્યોદય-શ્રમજીવી અને પી.એચ.એચ. રેશનકાર્ડ ધારકોને ખાદ્ય અન્ન વિનામૂલ્યે ૧ એપ્રિલથી વિતરણ કરવા કરેલી જાહેરાતનો રાજ્યભરમાં અમલ શરૂ થઇ ગયો છે.

મુખ્યમંત્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગેની વિગતો સાથે રાજ્યમાં આવશ્યક ચીજવસ્તુઓના પૂરવઠા-ઉપલબ્ધિની વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપી હતી.

તેમણે કહ્યું કે રાજ્યની ૧૭ હજાર જેટલી સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનો પરથી વિનામૂલ્યે વિતરણ માટે ઘઉં, ખાંડ અને ચોખાનો સંપૂર્ણ જરૂરિયાત મુજબનો જથ્થો પહોંચાડી દેવાયો છે.

મીઠું ૭૨ ટકા અને ચણા દાળનો ૮૭ ટકા જથ્થો વિતરણ માટે પહોંચી ગયો છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

અશ્વિનીકુમારે જણાવ્યું કે મુખ્યમંત્રીએ રાજ્યના સરકાર માન્ય સસ્તા અનાજના દુકાનધારકો અને અન્ન નાગરિક પુરવઠા વિભાગને સ્પષ્ટપણે તાકીદ કરી છે કે અનાજ વિતરણની આ વ્યવસ્થામાં સોશિયલ ડિસ્ટન્સીંગ જળવાય એટલું જ નહિ, લોકો ભીડભાડ ન કરે તેની ખાસ વ્યવસ્થાઓ ગોઠવાય.

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં રાજ્યમાં નિરાધાર, વૃદ્ધ, નિઃસહાય અને એકલવાયું જીવન જીવતા લોકોને બે ટાઈમ ભોજન મળી રહે તે માટે સંવેદનશીલતાથી સમગ્ર તંત્રને પ્રેરિત કર્યુ છે.

આ સંદર્ભમાં રાજ્યભરમાં અત્યાર સુધીમાં ૨૨ લાખ ૩૫ હજાર ૭૫૫ ભોજન ફૂડપેકેટસ સ્થાનિક સત્તાતંત્રોએ સેવા સંગઠનો-સ્વૈચ્છિક સંગઠનોના સહયોગથી વિતરીત કર્યા છે તેની વિગતો મુખ્યમંત્રીના સચિવે માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું કે લોકડાઉનની સ્થિતીમાં જરૂરતમંદ વ્યકિતઓને તબીબી સેવા-સહાય-ખાવા-પીવાની વ્યવસ્થા સહિતની મદદ માટે સ્ટેટ હેલ્પ લાઈન ૧૦૭૦ને અત્યાર સુધી ૨૨૫૩ કોલ્સ અને જિલ્લા હેલ્પ લાઈન ૧૦૭૭ને ૯૩૪૨ કોલ્સ મળ્યા છે તેમાં રાજ્ય સરકારે સંભવ મદદ પૂરી પાડી છે.

મુખ્યમંત્રીના સચિવે રાજ્યમાં દૂધ, શાકભાજી વગેરેના પુરવઠાની માહિતી આપતાં જણાવ્યું કે બુધવારે રાજ્યમાં ૪૬-૧૭ લાખ લિટર દૂધનું વિતરણ થયું છે.

આપણે સુરક્ષિત તો રાષ્ટ્ર સુરક્ષિત
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા (NFSA) હેઠળના ૬૬ લાખ કુટુંબોને એપ્રિલમાં વિનામૂલ્યે અન્ન પુરવઠાના વિતરણ માટે સઘન આયોજન




NFSA ના દરેક લાભાર્થીને વિનામૂલ્યે અન્ન વિતરણ

- અંત્યોદય અન્ન યોજના (AAY)ના આશરે ૮ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા. ઘઉં તથા ૧૦ કિ.ગ્રા. ચોખા
- અગ્રતા ધરાવતા (PHH) આશરે ૫૮ લાખ કુટુંબોને પ્રતિ વ્યક્તિ ૩.૫ કિ.ગ્રા. ઘઉં તથા ૧.૫ કિ.ગ્રા. ચોખા
- રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળના ઉપર મુજબના તમામ ૬૬ લાખ લાભાર્થીઓને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. દાળ
- ઉપર મુજબના લાભાર્થીઓને કાર્ડ દીઠ ખાંડ અને મીઠું પણ વિનામૂલ્યે મળશે
- લાભાર્થીઓએ મળવાપાત્ર જથ્થા તેમજ જાહેર વિતરણ વ્યવસ્થા અંગે જો કોઈ ફરિયાદ હોય તો જિલ્લા કક્ષાના ટોલ ફ્રી નંબર : ૧૦૭૭ ઉપર સંપર્ક કરવો

સસ્તા અનાજની દુકાનો પરથી અનાજ સામગ્રી લેતી વખતે સોશ્યલ ડિસ્ટન્સનું ખાસ પાલન કરીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય